જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૭/૨૦૨૨ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૩૧૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧ | ૪,૫૩,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

### ઘરફોડ ચોરીના-૦૨ ગુનાઓનો ભેદ ઉકેલતી
### શાહીબાગ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કવૉડ

મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમીશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "એફ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુનાઓ બનતા અટકાવવા સારૂ સુચના કરેલ જે અનુસંધાને શાહીબાગ સિનિ.પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા. ના માર્ગદર્શન હેઠળ શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૨૦૭૧૬/૨૦૨૨ ઇ.પી.કો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામે એસ.એમ.ડામોર પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના માણસોએ બનાવવાળી જગ્યાની વિઝીટ કરતા જે દુકાનના દરવાજા તોડી ઘરફોડ ચોરી થયેલ તે દુકાન તથા આજુબાજુની દુકાનોમા નિરીક્ષણ કરી સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ચેક કરતા ચોરી કરનાર ઇસમનો ચહેરો જોઇ સાથેના અ.હે.કો. રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો.જીગ્નેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ નાઓએ સદરી ઇસમ અગાઉ ઘરફોડ ચોરીઓના ગુન્હાઓમા પકડાયેલ નરેન્દ્ર ઉર્ફે બોબડો રહે. ગોવાજીના છાપરા, અસારવા, અમદાવાદ શહેર તરીકે ઓળખી બતાવેલ ત્યારબાદ સર્વેલન્સ પો.સબ.ઇન્સ.એસ.એમ.ડામોર સાહેબ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સક્વૉડના માણસો અ.હે.કો રોહિતસિહ રણજીતસિહ બ.નં.૫૬૮૨ તથા  અ.પો.કો કિરપાલસિહ અનવરસિહ બ.નં.૮૮૨૧ તથા અ.હે.કો.જીગ્નેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ નાઓએ સંયુક્ત બાતમી હકીકત મળેલ કે "નરેન્દ્ર ઉર્ફે બોબડો નાનો હાલમા પોતાના રહેણાક સ્થળ પાસે અસારવા બ્રિજ નીચે હાજર છે." જે આધારે વૉચ ગોઠવી સદરી આરોપી બે ગેસના બાટલાઓ સાથે મળી આવતા શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૨૦૭૧૬/૨૦૨૨ ઇ.પી.કો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે ચોરી કરેલ મુદ્દામાલ રીકવર થતા જે ગુનાના કામે તા.૧૭/૦૭/૨૦૨૨ ના કલાક.૨૦/૪૦ વાગે પકડી અટક કરી સદરી ઇસમ બહેરો તથા મુંગો હોય નવરંગપુરા ટાઇમ્સ ઓફ ઇન્ડિયા સામે, બહેરામુંગાની શાળામાંથી ભારતીય સાંકેતિક ભાષાના જાણકાર શિક્ષકનાઓને બોલાવી સદરી પકડાયેલ ઇસમની સઘન પુછપરછ કરતા લેથમશીનના કારખાનામાંથી કોપરની ચોરી કરેલ હોય જે બાબતે શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૨૦૭૨૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો દાખલ થયેલ હોય આમ કુલ-૦૨ ગુનાઓનો મુદ્દામાલ રીકવર કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનુ નામ :-**

નરેન્દ્ર ઉર્ફે બોબડો S/O વિજયભાઇ જાતે બાથમ(ભૈયાજી) ઉવ.૨૮ રહે.ગોવાજીના છાપરા, કુબેરપુરા ભીલવાસ, અસારવા, અમદાવાદ શહેર

**કબ્જે કરેલ મુદ્દામાલ:-**

(૧) બે ગેસના બાટલા કિ.રૂ.૬૦૦૦/- તથા (૨) કોપરની (તાંબા) ની પટ્ટી નંગ-૦૧ જેની કિ.રૂ.૧૭૫૦/- તથા (૩) કોપરના (તાંબા) ગોળ રોડ નંગ-૦૨ જેની કિ.રૂ.૨૨૦૦૦/- તથા (૪) કોપરના (તાંબા) કેનેકટર ચુ સેફવાળા નંગ-૦૫ જેની કિ.રૂ.૨૮૧૫/- ગણી કુલ્લે કિ.રૂ.૩૨૫૬૫/- મત્તાનો

**શોધી કાઢેલ ગુનાઓ:**

શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૨૦૭૨૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦

**કામગીરી કરનાર અધી/કર્મચારી:-**

પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા. તથા સવેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ. આર.પી.ડાભી તથા એસ.એમ.ડામોર પો.સબ.ઇન્સ. તથા અ.હે.કો.રોહિતસિહ રણજીતસિહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો અલ્પેશકુમાર અમૃતલાલ બ.નં.૪૯૮૩ તથા અ.પો.કો. કિરપાલસિહ અનવરસિહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.રાકેશ ભુપેન્દ્રસિહ બ.નં.૧૩૨૧૮ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભવ્યજીતસિહ પરબતસિહ બ.નં.૬૪૨૧ તથા અ.પો.કો.સંજયસિંહ મુકુન્દસિંહ બ.નં.૪૮૬૦ તથા વુ.લો.ર પિનલબેન રાજેન્દ્રભાઇ બ.નં.૧૧૦૮૪ તથા વુ.લો.ર.દિવ્યાબેન જીતેન્દ્રકુમાર બ.નં.૧૦૭૯૬



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટના વિદેશી દારુનો ગણનાપાત્ર કેસ શોધી ફોરવ્હિલ ગાડી-૦૨ તથા એક્ટીવા સ્કુટર -૦૧ સાથે બે ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ સિનિ પો.ઈન્સ.શ્રી કે.ડી જાડેજા સા. ની સુચના આધારે પ્રોહી જુગારની બદી નેસ્તો નાબુદ કરવા સારુ સર્વેલન્સ પો.સ.ઇ આર.પી.ડાભી તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન પેટ્રોલિંગમાં હોય દરમ્યાન અ.હેડ.કોન્સ.જીગ્નેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ તથા અ.પો.કો. મિહીરસિંહ બનેસિંહ બ.નં.૧૦૪૨૧ નાઓને સંયુક્ત અને સચોટ ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ "અગાઉ પ્રોહીબિશનના ગુનામાં પકડાયેલ દિલીપ ઉર્ફે ડકો કિશોરસિંહ રાઠોડ તેના મળતીયા માણસો આકાશ ડાભી તથા ઉમેશ પટેલ તથા સંજય રાઠોડનાઓને રાખી નવી ભોગીલાલની ચાલીમાં તેમના ઘર આગળ એક વ્હાઇટ હ્યુડાઇ કંપનીની એસેન્ટ ફોર વ્હીલ ગાડીમાં કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો લાવી કટીંગ કરે છે." જે મળેલ બાતમી હકીકત આધારે સર્વેલન્સ સ્કવોડના પો.સબ ઇન્સ તથા સ્ટાફના માણસો સાથે હકીકત આધારે રેઇડ કરી દારૂની હેરાફેરી કરતા ૦૨ ઇસમો ભારતીય બનાવટનો વિદેશીદારૂની ક્વાટર નંગ-૬૪૮ જેની કુલ્લે કિ.રૂ.૬૪,૮૦૦/- તથા હ્યુડાઇ કંપનીની એસેન્ટ ગાડીની કિ.રૂ.૧,૨૦,૦૦૦/- તથા એકટીવાની કિ.રૂ.૨૫૦૦૦/- તથા મારૂતી સુઝુકી કંપનીની વેગનઆર કિ.રૂ.૧,૦૦,૦૦૦/- બે મોબાઇલ ફોન કિ.રૂ.૯૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩,૧૦,૭૦૦/-ની મત્તા સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી પ્રોહી એક્ટ કલમ- ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

### આરોપીઓના નામ:-

(૧) ઉમેશ ઉર્ફે ડોડો સ/ઓ કિરીટભાઇ ડાહ્યાભાઇ જાતે-પટેલ ઉ.વ.૩૯ ધંધો.છુંટક મજુરી રહે.નવી ભોગીલાલ ની ચાલી,કિશોરસિંહ લાલસિંહ રાઠોડના મકાનમાં ભાડેથી,અસારવા,શાહીબાગ, અમદાવાદ શહેર તથા (૨) ભરત સ./ઓ. વલ્લભભાઇ વિઠલભાઇ જાતે-સરવૈયા ઉ.વ.૪૨ રહે.કે/૫૦૨ વિશ્વાસસીટી વિભાગ-૨ સાયોનાસીટી પાસે,પ્રમુખનગરની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ શહેર તથા પકડવા પર બાકી (૩) આકાશ શ્રવણસિંહ ડાભી તથા સંજય રાજેન્દ્રસિંહ રાઠોડ બંન્ને રહે.નવી ભોગીલાલની ચાલી,અસારવા,શાહીબાગ (૪) દિલીપ ઉર્ફે ડકો કિશોરસિંહ રાઠોડ રહે.નવી ભોગીલાલની ચાલી,અસારવા, અમદાવાદ

## મુદ્દામાલ ;-

ભારતીય બનાવટનો વિદેશીદારૂની ક્વાટર નંગ-૬૪૮ જેની કુલ્લે કિ.રૂ.૬૪,૮૦૦/- તથા હ્યુડાઇ કંપનીની એસેન્ટ ગાડીની કિ.રૂ.૧,૨૦,૦૦૦/- તથા એકટીવાની કિ.રૂ.૨૫૦૦૦/- તથા મારૂતી સુઝુકી કંપનીની વેગનઆર કિ.રૂ.૧,૦૦,૦૦૦/- બે મોબાઇલ ફોન કિ.રૂ.૯૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩,૧૦,૭૦૦/- ની મત્તાનો

## કામગીરી કરનાર અધી/કમિચારી:-

પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા. તથા સવેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ. આર.પી.ડાભી તથા અ.હે.કો રોહિતસિહ રણજીતસિહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો જીગ્નેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ તથા અ.હે.કો પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો અલ્પેશકુમાર અમૃતલાલ બ.નં.૪૯૮૩ તથા અ.પો.કો કિરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો ભવ્યજીતસિહ પરબતસિહ બ.નં.૬૪૨૧ તથા અ.પો.કો રાકેશ ભુપેન્દ્રસિહ બ.નં.૧૩૨૧૮ તથા અ.પો.કો રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો મિહિરસિંહ બન્નેસિંહ બ.નં.૧૦૪૨૧ તથા અ.પો.કો સંજયસિંહ મુકુંદસિંહ બ.નં.૪૮૬૦ તથા વુપો.કો પીનલબેન રાજેંદ્રભાઇ બ.નં.૧૧૦૮૪ તથા વુ.લો.ર દિવ્યાબેન જીતેંદ્રકુમાર બ.નં.૧૦૭૯૬



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ** **સમાચાર યાદી નં.૧૩૧૩/૨૦૨૨**

**શાહીબાગઃ** ગીરીશભાઇ દલસુખભાઇ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.જય કોમ્પલેક્ષ વિઠલનગર ચાર રસ્તા પાસે, જીલ હોસ્પીટલની બાજુમાં, અસારવા શાહીબાગ) એ તા.૨૨/૦૭/૨૦૨૨ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૨ ના કલાક ૮/૦૦ થી તા.૨૧/૦૭/૨૦૨૨ રાતના ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા અને ચાંદીની મુર્તીઓ મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૩૧૪/૨૦૨૨**

**ચાંદખેડાઃ** જયંતીભાઇ નાથુલાલ શાહ (ઉ.વ.૫૦)(રહે.ભાવના કોમ્પ્લેક્ષ, તેરાપંથ ભવનની સામે, શાહીબાગ) એ તા.૨૨/૦૭/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૨ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા આનંદભુમિ સોસાયટીની સામે આઇ.ઓ.સી. રોડ "કમલેશ જ્વેલર્સ" નામની જયંતીભાઇની દુકાનમાં ગ્રાહક તરીકે આવેલ અજાણી સ્ત્રીએ દુકાનમાંથી નજર ચુકવી સોનાની વિંટી કિંમત રૂપિયા ६७,०००/- મતાની ચોરી લઇ તેની ખાલી જગ્યાએ બીજી વિંટી કિંમત રૂપિયા ६,०००/- ની મતાની મુકી દુકાનમાંથી વિંટી ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૫/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** ભુપેન્દ્રભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૬૭)(રહે.વૈભવ એપાર્ટમેન્ટ સન એન્ડ સ્ટેપ ક્લબની બાજુમા મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૨ ના કલાક ૪/૩૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન જનતાનગર ફાટક પાસે આવેલ રેલ્વે લાઇનના થાંભલા નં.૫૦૮/૦૭ થી ૫૦૮/૦૯ ની વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર ટ્રેઇનની અડફેટે આવી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહ નાનજીભાઇ ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સી.**: ગણેશબહાદુર કીર્તબહાદુર બિસ્ટ (ઉ.વ.૪૫)(રહે.નવી વસાહત જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૨ રાતના ૦૦/૩૦ વાગે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સવારના ૬/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળવતસિંહ મંગળસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી